જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૦/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બીયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૯૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૬૩/૨૦૨૬**

ક્રાઇમ બ્રાંચઃ સુમનબહેન ડો/ઓ જૈરામદાસ છેલાની (ઉ.વ.૩૫)(રહે. અમુલપાર્ક સોસાયટી, બંગ્લો એરીયા, કુબેરનગર) એ તા.૧૬/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સરદારનગર હાંસોલ, સરદારનગર સર્કલ પાસે “કોમલ જવેલર્સ” ખાતે આરોપી (૧) ઉમેશભાઇ નારાયણદાસ ચેલાણી અને (૨) નારાયણદાસ ભુગડોમલ ચેલાણી (બન્ને રહે. છઠ્ઠો માળ, “બી” વિભાગ, વિકાસ–૮૪, નાના ચિલોડા તથા અંજની સ્ટોર સામે, બંગ્લો વિસ્તાર, સરદારનગર) એ ભેગામળી ૧૫૦ ગ્રામ સોનુ કિંમત રૂપિયા ૨૩,૪૭,૫૦૦/– અને ૨૮ કિલો ચાંદી કિંમત રૂપિયા ૬૩,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮૬,૪૭,૫૦૦/– ના બુકીંગ પેટે એડવાન્સ પેમેન્ટ મેળવી લઇ, સોના–ચાંદીની ડિલીવરી કે રૂપિયા પરત નહી કરી સુમનબહેન છેલાની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.રાવળ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૪/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ અજયભાઈ નાથાભાઇ સોલંકી (ઉ.વ.૩૨)(રહે.મહાશકિત એપાર્ટમેન્ટ શીલ્પ કુટીરની બાજુમાં ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ બોડકદેવ હરીસીદ્ધીનગર ખાતે ભાડાના મકાનમાં રહેતા માયાબહેન વા/ઓ રાજેન્દ્રભાઇ મીણા (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–ઇટાલી તા–દરીયાવાડ જી–પ્રતાપગઢ રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

ચાંદખેડાઃ (૧) ગીરીશભાઇ પરષોતમભાઈ મકવાણા (ઉ.વ.૪૦)(રહે.હરીમિલન ટેનામેન્ટ સત્યમેવ હોસ્પિટલ પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૦/૨૦૨૬ ના કલાક ૨/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

ચાંદખેડાઃ (૨) દેવીકા વા/ઓ સંજયભાઈ પરમાર (ઉ.વ.૧૮)(રહે.ભીમનાથ એપાર્ટમેન્ટ ટી.પી.૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

દાણીલીમડાઃ બહેરામપુરા ગુલાબનગર ઝેડ.કે.કાંટા આગળ શિતલ ફેક્ટરી સામે ખેતરમાં આવેલ ઓરડીમાં રહેતા ખેમારામ અમરારામ ચૌધરી (ઉ.વ.૪૫)(મુળ વતન–પુનિયા કા થાડા ભુરરીયા બાડમેર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા ઓરડીમાં પતરાની એંગલ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઈશ્વરભાઇ શંકરભાઇ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ દિપીકાબહેન હાર્દિકભાઇ બોડાણા (ઉ.વ.૨૬)(રહે.શિવાનંદ બંગ્લોઝ ત્રિકમપુરા પાટીયા અન્નપુર્ણા હોટલ પાછળ જશોદાનગર વટવા જીઆઈડીસી) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દંતાણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી